

**મોડાસાની હફસાબાદ છાપરા પ્રાથમિક શાળામાં ચકલી દિવસની ઉજવણી**

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના હફસાબાદ છાપરા ગામની પ્રાથમિક શાળામાં ચકલી દિવસની ઉજવણીમાં બાળકો દ્વારા ચકલીઓને નામશેષ થતી અટકાવવા લોક જાગૃતિ ફેલાવતા નૃત્ય દ્વારા ગામલોકોને સમજાવી શાળાના બાળકોએ શાળાના પટાંગણમાં અને ગામમાં આવેલા વૃક્ષો પર માળા બાંધી ચકલી બચાવો અભિયાનમાં જોડાયા હતા. શાળાના આચાર્ય નરેન્દ્રભાઈ અને શૈક્ષણિક સ્ટાફની અભ્યાસ સાથે સાહજિક પ્રવૃત્તિમાં બાળકોને જોડાતા ગામલોકોએ સરાહના કરી હતી.

# પર્વતો ચઢવા હોય તો મસ્તક નીચું રાખવું પડે : અરૂણિમા સિન્હા

## પ્રથમ દિવ્યાંગ મહિલા પર્વતારોહક પદ્મશ્રી અરૂણિમા સિન્હાના પુસ્તક 'વિશ્વાસનું એવરેસ્ટ'નું રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીના હસ્તે લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૧

વિશ્વની સૌ પ્રથમ દિવ્યાંગ મહિલા પર્વતારોહક પદ્મશ્રી અરુણિમા સિન્હાના આત્મકથાનક પુસ્તક 'વિશ્વાસનું એવરેસ્ટ'નું રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજભવન, ગાંધીનગર ખાતે લોકાર્પણ કર્યું હતું. વર્ષ-૨૦૧૧માં દુર્ઘટનામાં સુશ્રી અરુણિમા સિન્હાએ પોતાનો એક પગ ગુમાવ્યો હતો. ત્યાર બાદ કૃત્રિમ પગની મદદથી વર્ષ-૨૦૧૩માં તેમણે એવરેસ્ટ સર કર્યો હતો. એટલું જ નહીં વિશ્વના સૌથી ઉંચા શિખરો પૈકીના છ શિખરો પણ સર કરી લીધાં છે.

રાજ્યપાલ શ્રી ઓ.પી.કોહલીએ પદ્મશ્રી અરુણિમા સિન્હાને અસાધારણ સંકલ્પશક્તિનું જીવંત-મૂર્તિમંત પ્રતિક ગણાવતાં કહ્યું હતું કે, આપણી સામે શારીરિક અક્ષમતા ધરાવતી મહિલાઓએ પોતાના અડગ મનોબળથી અપાર યોગ્યતા હાંસલ કરીને ઈતિહાસમાં પોતાના નામ અમર કર્યા હોય એવા હેલન કેલર જેવા ઘણા ઉદાહરણો છે. અરુણિમા સિન્હાએ પણ અતુલ્ય સાહસ અને બુલંદ આત્મવિશ્વાસથી આવી મહિલાઓની યાદીમાં પોતાનું નામ આલેખાવ્યું છે.

પદ્મશ્રી અરુણિમા સિન્હાએ આત્મકથાનક સમુ પુસ્તક "Bron



again on the Mountain' લખ્યું છે. અંગ્રેજી ભાષામાં લખાયેલા આ પુસ્તકનો શ્રીમતી સુધાબેન મહેતાએ ગુજરાતી ભાષામાં 'વિશ્વાસનું એવરેસ્ટ' વિષક સાથે અનુવાદ કર્યો છે. ગુર્જર પ્રકાશને આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલેએ આ પુસ્તકનું લોકાર્પણ કરતાં કહ્યું હતું કે, અરૂણિમા સિન્હાના પ્રેરણાદાયી વ્યક્તિત્વનું આલેખન કરતું આ પુસ્તક ભારતની તમામ પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદીત થવું જોઈએ. શ્રેષ્ઠ પુસ્તકોનો પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદ થાય તો તે અખિલ ભારતીય ઓળખ પ્રસ્થાપિત કરી શકે.

શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે, પદ્મશ્રી અરુણિમા સિન્હાનું આ પુસ્તક અસંભવને સંભવ બનાવવાનું મોટું ઉદાહરણ છે. આ પુસ્તક સમાજમાં ચેતના અને પ્રેરણા પૂરી પાડશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ જેઓ સ્વયં પણ વ્હીલચેરના સહારે પ્રવૃત્ત રહીને પ્રેરણાદાયી જીવન જીવે છે એવા કૃષ્ણકાન્તભાઈ જહાએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, પદ્મશ્રી અરુણિમા સિન્હા પરિસ્થિતિના દાસ નથી બન્યા, પરિસ્થિતિને તેમણે દાસ બનાવી છે. જીવન જીવવું જરૂરી નથી, જીવનને જીતવું જરૂરી છે. દિવ્યાંગોને દયા નથી જોઈતી. દિવ્યાંગોને માત્ર ટેકો-સમર્થન જોઈએ છે. નરેન્દ્રભાઈ મોદીએ 'દિવ્યાંગ' શબ્દ આપીને દિવ્યાંગોનું આત્મસન્માન વધાર્યું છે, એમ કહીને તમામ દિવ્યાંગો વતી તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

રામકૃષ્ણ આશ્રમ રાજકોટના અધ્યક્ષ સ્વામી નિખિલેશ્વરાનંદજીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, આત્મવિશ્વાસ અને ઈશ્વર પ્રત્યેની અખૂટ આસ્થાથી અરુણિમા સિન્હાએ એવરેસ્ટ સર કર્યો છે. આજે અરુણિમા સિન્હા પોતાના પ્રેરણાદાયી વકતવ્યથી લાખ્ખો યુવાનોને પ્રેરણા આપી રહી છે.

પદ્મશ્રી અરુણિમા સિન્હાએ પોતાનો પ્રતિભાવ આપતાં કહ્યું કે, જીવનમાં પ્રત્યેકનું પોતાનું આગવું 'એવરેસ્ટ' હોય છે. એ 'એવરેસ્ટ' ને સર કરવાનો દ્રઢ નિશ્ચય જરૂરી છે, અને પછી એકાગ્રતાપૂર્વક સખત મહેનત અનિવાર્ય છે. લક્ષ્યને ફોક્સ કરશો અને તેને હાંસલ કરવા સખત પરિશ્રમ કરશો તો ઈશ્વર પણ તમને સફળતા આપવા મજબૂર થઈ જશે. સમારોહના પ્રારંભે ગુર્જર પ્રકાશનના મનુભાઈ શાહે સ્વાગત ઉદબોધન કર્યું હતું અને 'વિશ્વાસનું એવરેસ્ટ' ના અનુવાદક શ્રીમતી સુધાબેન મહેતાએ આભારની લાગતી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ગુજરાતી ભાષાના વરિષ્ઠ સાહિત્કારો, આગેવાનો અને નાગરિકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં પાણી અને ઘાસચારાની વ્યવસ્થા માટે રાજેન્દ્ર પારઘીની રજુઆત

ભિલોડા, તા. ૨૧

અરવલ્લી જિલ્લાના ગ્રામીણ વિસ્તારના નાગરિકોને પુરતાં પ્રમાણમાં પીવા લાયક સુદ્ધ પાણી મળી રહે તેમજ પશુપાલકોના પશુઓને પીવાના પાણીની અને ઘાસચારાની સુવિધા ઉપલબ્ધ થાય તે માટે આગોતરૂ આયોજન કરવા માટે રાજ્ય સરકારમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. રાજેન્દ્ર પારઘીએ રજુઆત કરેલ છે કે, જિલ્લા કક્ષાએ આ અંગે સબંધકર્તા અધિકારીઓની બેઠક બોલાવવી જરૂરી છે. ઉનાળામાં પાણી અને ઘાસચારાની વિકટ પરિસ્થિતિ ઉભી ન થાય અને પશુઓ પાણી અને ઘાસચારાથી વંચિત ન રહે તેમજ ગ્રામીણ વિસ્તારમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ થાય તે હેતુ ધ્યાને રાખી રાજ્ય સરકાર તરફથી આ અંગે વ્યવસ્થિત આયોજન કરવું જરૂરી છે.

અરવલ્લી જિલ્લાના ભિલોડા-મેઘરજ-માલપુર-ધનસુરા સહીત તાલુકાના અંતરિયાળ વિસ્તારોમાં ચાલુ વર્ષે ઓછો વરસાદ થયેલ છે જેના કારણે પીવાના પાણી અંગેની મુશ્કેલીઓ વધુ પડે તેવું હાલના તબક્કે જણાય છે. જિલ્લાના સંબંધિકર્તા વિભાગોમાં આ અંગે રજુઆત કરવામાં આવે છે ત્યારે કોઈ સંતોષકારક જવાબ મળતો નથી. આ જિલ્લામાં મેશ્વો અને હાથમતિ ડેમમાં પાણીનો જથ્થો છે જેને લીફટ ઈરીગેશન કરી પાવાના પાણી માટે તેમજ ખેડૂતોને સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરી શકાય તેમ છે તેવી વારંવાર રાજ્ય સરકારને રજુઆત કરેલ છે. આ જિલ્લાને સુજલામ સુફલામ યોજનાનો લાભ મોટાભાગના વિસ્તારને મળતો નથી તે અંગે તાકીદે નિર્ણય લેવાય તે જરૂરી છે. જિલ્લાને નર્મદા યોજનાનો પણ લાભ મળતો નથી. પાણી પુરવઠા વિભાગમાં સ્થાનિક કક્ષાએ રજુઆત કરવામાં આવે છે ત્યારે કહે છે કે, સરકારે ગ્રાન્ટની જોગવાઈ કરેલ નથી તેવો જવાબ આપવામાં આવે છે. તો અરવલ્લી જિલ્લાને પીવાના પાણી માટે પાણી પુરવઠા વિભાગ હેઠળ વિશેષ ગ્રાન્ટ ફાળવવામાં આવે તેવી રજુઆત કરવામાં આવેલ છે.

પીવાના પાણી અને ઘાસચારા અંગે રાજ્ય સરકાર તરફથી જિલ્લાકક્ષાએ તાત્કાલિક આગોતરા આયોજન માટે સંબંધકર્તા વિભાગોની બેઠક બોલાવવી આયોજન કરવામાં આવે અને પ્રજાની મુશ્કેલીઓ દૂર કરવા પ્રયત્ન કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી રાજ્ય સરકારને રજુઆત કરવામાં આવેલ છે તેમ એક અખબારી યાદીમાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી જણાવે છે.

# ગાંધીનગર ખાતેની પીડીપીયુનો સ્વાયત્ત યુનિવર્સિટીમાં સમાવેશ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીને તાજેતરમાં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા સ્વાયત્તા આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. નવી દિલ્હી ખાતે તાજેતરમાં મળેલી યુજીસીની બેઠકમાં લેવાયેલા નિર્ણયમાં દેશભરમાંથી ૬૨ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને સ્વાયત્તા આપવાનું જાહેર કરાયું છે જેમાં પીડીપીયુનો પણ સમાવેશ થાય છે.

ભારત સરકારના માનવ સંશાધન મંત્રાલય દ્વારા કરવામાં આવેલ જાહેરાત મુજબ દેશભરમાં ૬૦ જેટલી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં શિક્ષણ અંગેના ઉચ્ચ માપદંડો જાળવી રાખવા માટે સ્વાયત્તા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત યુજીસીની બેઠકમાં ૫ કેન્દ્રિય, ૨૧ રાજ્યો, ૨૬ ખાનગી યુનિવર્સિટી અને ૧૦ કોલેજોને ઓટોનોલ કોલેજ રેગ્યુલેશન એક્ટ હેઠળ સ્વાયત્તા આપવાનો નિર્ણય લેવાયો હતો. ગાંધીનગર ખાતેની પીડીપીયુએ હજુ ગત વર્ષે જ એનએએસી એક્રિડેશનમાં ૩.૩૯ના સ્કોર સાથે 'એ' ગ્રેડ પ્રાપ્ત કર્યો હતો. પીડીપીયુમાં વિશ્વના અન્ય વિકસિત દેશોની નામાંકિત યુનિવર્સિટીઓ સાથે જોડાણ કરી વિદ્યાર્થીઓને ૬ સપ્તાહ સુધીની વિદેશમાં ઈન્ટર્નશીપ તથા સેમેસ્ટર એક્ષચેન્જની તક પણ પુરી પાડવામાં આવે છે.

## દેશળ ભગત રજપૂત સમાજનો જીવનસાથી પસંદગી સમારોહ યોજાશે

દેશળ ભગત રજપૂત સમાજના સૌરાષ્ટ્ર-કચ્છ અને સમગ્ર ગુજરાતમાં વસતા ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ અભ્યાસ ધરાવતા યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી સમારોહ આગામી ૨૭મી મે ૨૦૧૮ના રોજ યોજાશે. જીવન સાથે મેળવવા ઈચ્છુક યુવકો એક જ સ્થળે ભેગા થઈ એકબીજાને સમજી શકે તેવા ઉમદા હેતુથી આ સમારોહનું આયોજન કરાયું છે. જેના ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૨મી મે ૨૦૧૮ છે. સમય મર્યાદામાં ફોર્મ પરત કરવાના રહેશે. પસંદગી સમારોહના ફોર્મ મેળવવા માટે ડ્રીમ્સ કન્સલટન્ટસી બ્લોક નં. એમ ૧૬૮, ગુજરાત હાઉસીંગ બોર્ડ શેરી નં. ૫ સ્વામીનારાયણ મંદિર કાલાવાડ રોડ રાજકોટનો સંપર્ક કરવાનો રહેશે. અથવા સુરેશભાઈ વાજા ૯૪૦૯૭૧૨૨૯૯, પ્રવિણભાઈ ભટ્ટી ૯૮૯૮૬૨૨૬૩૨નો સંપર્ક કરવાનો રહેશે.



**ગજાનન સેવા સમિતિ દ્વારા કન્યા પૂજન કરાયું**

ચૈત્રી નવરાત્રી નિમિતે શામળાજી વિસ્તારની અણસોલની શાળામાં અભ્યાસ કરતી ૫૦ કન્યાઓના પગ ધોઈને પૂજન કર્યું હતું. અને પ્રત્યેક ને ઈનામ સ્વરુપે રૂમાલ આપ્યો હતો. શ્રી ગજાનન સેવા સમિતિને ૧૭ વર્ષ પૂર્ણ થયા તે નિમિતે દર વર્ષની જેમ નવલપુર ગામ પાસે આવેલ વડવાલા હનુમાનની પૂજા કરી નવા હાર પહેરાવ્યો હતો. ૮ વર્ષ પહેલા ચૈત્ર સુદ એકમના રોજ મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. તેમજ ૧૦ વડીલોને ચશ્માનું વિતરણ કર્યું હતું. સેવાકાર્યમાં શ્રુતિબેન, મનીષાબેન ત્રિપાઠી, મિલિન્દભાઈ ગુપ્તે સહિત મિત્રો અને હોદેદારો જોડાયા હતા.

## ખેડબ્રહ્મા કોલેજમાં સન્માન સમારંભ યોજાયો

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ, ખેડબ્રહ્મામાં તા. ૨૦ માર્ચ ૨૦૧૮ને મંગળવારના રોજ ખેડબ્રહ્મા નગરપાલિકાના ચુંટાયેલા સભ્યોને આવકાર તેમજ સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પ્રસંગે નવા વરાયેલા નગરપાલિકા ખેડબ્રહ્માના પ્રમુખ શ્રીમતિ ઝલકબેન પટેલ, અરવિંદભાઈ ઠક્કર, ઉપપ્રમુખ ખેડબ્રહ્મા તથા ધર્મેન્દ્રભાઈ મહેતા, કારોબારી ચેરમેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌ મહાનુભાવોને કોલેજ દ્વારા શાલ અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય, એન.ડી. પટેલે આગંતુક મહેમાનોને આવકાર્યા હતા. આ કાર્યક્રમમાં કીર્તિકુમાર જોશી, સલાહકાર સભ્ય, અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ ખેડબ્રહ્માની વિશેષ ઉપસ્થિત રહી હતી.

# અદાણી શાંતિગ્રામમાં રહેતા મહિલા વકિલના ઘરમાં ચોરી

## મકાનનું તાળુ ચાવીથી ખોલીને કોઈ દાગીના તથા રોકડ મળી રૂ. ૧.૭૪ લાખની મત્તા સાફ કરી ગયા : વકિલે મકાનની બીજી ચાવી મિસ્ત્રીને આપી હતી

ગાંધીનગર, તા.૨૧

અડાલજ નજીક આવેલા અદાણી શાંતિગ્રામના એક ફલેટમાં રહેતા અને હાઈકોર્ટમાં પ્રેકટીસ કરતા મહિલા વકિલના મકાનનું તાળુ ચાવીથી ખોલીને કોઈ શખ્સો દાગીના તથા રોકડ મળીને રૂ. ૧.૭૪ લાખની મત્તા સાફ કરી ગયા હોવાનું ધ્યાને આવ્યું છે. પડોશીને ફલેટના કેમ્પસમાંથી પાકીટ મળતા મહિલા વકિલને ખબર પડી કે કોઈએ મકાનમાં હાથફેરો કર્યો છે. અડાલજ પોલિસે ચોરી અંગે ગુનો દાખલ કરી તપાસનો દોર શરુ કર્યો છે. વકીલે મકાનની બીજી ચાવી મિસ્ત્રીને આપી હોવાનું જણાવતા તેની પણ પુછતાછ શરુ કરી છે.

અદાણી શાંતિગ્રામમાં આંગન વિંગ ખાતે ફલેટ નં. ૫૦૩ એ-૧માં રહેતા વકિલ કૃપાલીબેન નૌતમરાય ભટ્ટ હાઈકોર્ટમાં પ્રેકટીસ કરે છે. ગઈ કાલે બપોરે પડોશીનો તેમને ફોન આવ્યો કે સોસાયટીના સંકુલમાંથી તેમનું પર્સ મળ્યું છે. ઘરમાં મુકેલ પર્સ સંકુલમાં કેવી રીતે આવ્યું? શંકા જતા કૃપાલીબેન તાત્કાલિક ઘરે આવ્યા અને દરવાજો ખોલીને અંદર જોયું તો ચોરી થઈ ગઈ હતી. તેમના મકાનના તાળાને ચાવી વડે ખોલીને કોઈ ચોરો અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૭૫ હજાર મળીને કુલ રૂ. ૧.૭૪ લાખની મત્તા તિજોરીમાંથી ચોરી કરી ફરાર થઈ ગયા હતા. કૃપાલીબેનની ફરિયાદ આધારે અડાલજ પોલિસ મથકના પીએસઆઈ કે.જી. ગોસ્વામીએ ગુનો દાખલ કરીને તપાસ શરુ કરી છે. કૃપાલીબેનના મકાનની બે ચાવી હતી એક ચાવી તેમની પાસે રહેતી હતી અને બીજી ચાવી ઘરમાં ફર્નિચર કામ ચાલતું હોવાથી મિસ્ત્રીને આપી હતી. પોલિસે મિસ્ત્રીની પુછતાછ કરી તો તેણે ગીઝર ફીટીંગ વાળાને ચાવી આપી હોવાનું નિવેદન આપ્યું છે. પોલિસે તે દિશામાં તપાસ શરુ કરી છે.



**અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ઉચ્ચ શિક્ષણમાંથી સેમેસ્ટર પ્રથા નાબૂદ કરાવવા મેદાને**

અરવલ્લી જીલ્લા અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા જીલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી ઉચ્ચ શિક્ષણમાંથી સેમેસ્ટર પ્રથા બંધ કરવા આવેદનપત્ર આપ્યું હતું આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર સેમેસ્ટર પદ્ધતિના કારણે વર્ગ ખંડનું શિક્ષણ ૯૦ દિવસના બદલે ૪૦-૫૦ દિવસનું થઈ ગયું છે પૂરતા અધ્યાપકો પણ કોલેજોમાં નથી પરીક્ષાઓ બમણી થવાથી વિદ્યાર્થીઓને માનસિક અને આર્થિક ભારણ બમણું થયું છે પરિણામો પણ સમયસર આવતા નથી અભ્યાસ સિવાય વાંચન-લેખન કલા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વિદ્યાર્થી ભાગ લઈ શકતા નથી સીબીસીએસ માત્ર નામનુંજ છે કોઈ કોલેજ ચોઈસ આપતી નથી તદઉપરાંત સેમેસ્ટર પદ્ધતિ ભૂલ ભરેલી હોવાથી શિક્ષણ માં વિનાશક સાબિત થતી હોવાના ઉલ્લેખ સાથે સેમેસ્ટર પધ્ધતિ સત્વરે દૂર કરવાની માંગ કરી હતી.



**પાલનપુરમાં ચૈત્રી નવરાત્રીના મહા પર્વે શ્રીમદ દેવી ભાગવત કથા સપ્તાહ**

પાલનપુરન તપોભુમિ પર સૌ પ્રથમવાર ચૈત્રી નવરાત્રીના મહાપર્વે મા જગદંબાના પવિત્ર મહા પર્વે શ્રીમદ દેવી ભાગવત કથાનું અલૌકીક આયોજન ગણપતભાઈ કે. જોષી સાથે લક્ષ્ણ ટેકરી યુવક મંડળ, શ્રી જય ભવાની યુવક મંડળ ટેલીફોન એક્ષચેન્જ, શ્રી શિવશક્તિ પગપાળા સંઘ, બ્રિજેશ્વર કોલોની સાથે ગૌસેવાર્થે આ શ્રીમદ દેવી ભાગવત કથાનું આયોજન કરાયું છે. વ્યાસપીઠ પર પ.પુ. મા સરિતા દેવી ઉપાધ્યાય, (એમ.એ.સંસ્કૃત), કથાનું સુંદર મજાનુ રસપાન દરરોજ સાંજે ૭.૩૦ થી ૧૧ વાગ્યા સુધી કરાવી રહ્યા છે. જેમાં દરરોજ પાવન પ્રસંગોની સંગીતમય ઉજવણી આરતી, પ્રસાદમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓ લાભ લઈ રહ્યા છે. ત્યારે આ કથા શ્રવણ કરવા સૌ ભક્તજનોને આયોજકો દ્વારા પધારવા ભાવભર્યુ નિમંત્રણ આયોજકો દ્વારા પાઠવાયું છે.

### ૮-૧૦ દિવસો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૩૯ ભારતીયોના મોત અંગે માહિતી આપી રહ્યા હતા ત્યારે વિપક્ષે ધાંધલ ધમાલ કરીને સ્થિતિને વધારે બગાડી હતી. વિપક્ષની ધાંધલ ધમાલથી સ્પીકર પણ દુખી દેખાયા હતા. તેઓએ સંવેદનશીલતા જાળવવા અપીલ કરી હતી. સુષ્માએ કહ્યું હતું કે, ૨૦૧૪ની ઘટના છે. જૂન મહિનાની અને આજે ૨૦૧૮નો ગાળો છે. આ ગાળા દરમિયાન અમે તમામ પ્રયાસો કરી રહ્યા હતા. જે કંઈ પણ શક્ય હતું તે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને બનતા તમામ પ્રયાસો કર્યા હતા. તેઓએ પોતે વિદેશમંત્રીઓ સાથે વાત કરી હતી. તેઓ વારંવાર કહી રહ્યા હતા કે જ્યાં સુધી પુરાવા મળશે નહીં ત્યાં સુધી અમે લાપત્તા ભારતીયોને મૃતક તરીકે ગણી શકીએ નહીં. ભારતીયોના મૃતદેહ લાવવાના પ્રયાસ જારી છે.

### પ્રવાસ રદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હાઈકમાન્ડે સોલંકી પરત્વે ભારોભાર નારાજગી વ્યકત કરી હતી. એટલું જ નહી, આ સમગ્ર મામલે ભરતસિંહ વિરૂધ્ધ સ્થાનિક આગેવાનો દિલ્હી હાઈકમાન્ડ સુધી ફરિયાદ પણ કરી હતી. તાજેતરમાં પણ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનમાં ભરતસિંહે એઆઈસીસીના ડેલીગેટ્સની નિમણૂંકમાં તેમના માણસોને જ પ્રાધાન્યતા આપી હોવાની વાતને લઈને હાઈકમાન્ડ નારાજ થયું હતું. એવું મનાઈ રહ્યું છે કે, ઉપરોકત મુદ્દાઓને લઈ હાઈકમાન્ડ દ્વારા તેમને ઠપકો પણ અપાયો હતો, જેને લઈ તેમણે આખરે રાજીનામુ ધરી દીધુ હતું.

### વિધાનસભામાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

**● ખનિજોના પૃથ્થકરણ માટે રાયસણમાં પ્રયોગશાળા**

રાજયમાં મળી આવતા ખનિજોના પૃથ્થકરણ માટે કોઈ વ્યવસ્થા કરવામાં આવી છે અસારવાના ધારાસભ્ય પ્રદિપભાઈ ભાવસારના આ પ્રશ્ન સંદર્ભે ખાણ ખનિજ મંત્રીએ આપેલા જવાબમાં જણાંવાયા મુજબ ગાંધીનગરના રાયસણમાં પેટ્રોગ્રાફી અને મિનરલ કેમેસ્ટ્રી પ્રયોગશાળાનુ નિર્માણ કરવામાં આવ્યુ છે.

**● જિલ્લામાં ૪૪૫૯ ઉદ્યોગ આધારની નોંધણી**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ઉદ્યોગ આધાર નાંધાયા છે દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે પુછેલા પ્રશ્નના જવાબમાં જણાંવાયા મુજબ જિલ્લામાં ૪૪૫૯ ઉદ્યોગ આધાર નોંધાયા છે જયારે નોંધાયેલા ઉદ્યોગ આધાર પૈકી સુક્ષ્મ ૩૧૪૪,લઘુ ૧૧૮૯ અને મધ્યમ ૧૨૬ ઉદ્યોગો છે.

### હોમ ડિલિવરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઈઓસીની જેમ જ જાહેર ક્ષેત્રની કંપનીઓ પણ આ દિશામાં આગળ આવી શકે છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ પણ હોમ ડિલિવરી માટે પેસોની મંજુરી લઈ ચુકી છે. તેમને પ્રાયોગિક સંચાલન કરવા માટે જુદા જુદા ક્ષેત્રો આપવામાં આવ્યા છે. આને ચોક્કસપણે સફળતા મળશે તેમ માનવામાં આવે છે. ઈન્ડિયન ઓઈલે પુણેમાં ડિઝલની હોમ ડિલિવરી શરૂ કરતા આને લઈને ઉત્સુકતા વધી ગઈ છે. પ્રતિક્રિયાઓ પણ લોકોની સારી મળી રહી છે.

### જવાન શહીદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઓપરેશનમાં સેનાની ૪૧ રાષ્ટ્રીય રાયફલ, એસઓસીએ આતંકવાદીઓની સામે મોરચો સંભાળ્યો હતો. સેનાએ જવાબી કાર્યવાહી કરતા ચાર ત્રાસવાદીઓ ઠાર થઈ ચુક્યા છે. ઓપરેશન દરમિયાન સમગ્ર વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યું છે. સેનાએ ઈન્ટરનેટ સેવાને પણ બંધ કરી દીધી છે. ઉત્તર કાશ્મીરના બાંદીપોરામાં પણ પહેલી માર્ચના દિવસે અથડામણ થઈ હતી. બાંદીપોરાના હાજીન ક્ષેત્રમાં થયેલી આ અથડામણ દરમિયાન માર્યા ગયેલા ત્રાસવાદીઓ પાસેથી એકે-૪૭ રાયફળ મળી આવી હતી.

### બેંક કૌભાંડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બેંકરોનું કહેવું છે કે, આ દંપત્તિનો સંપર્ક થઈ શક્યો નથી. એમ માનવામાં આવે છે કે, આ બંને હાલ મોરિશિયસમાં છે. સીબીઆઈએ હાલમાં એફઆઈઆર દાખલ કરી નથી. જે ૧૪ સરકારી અને ખાનગી બેંકોએ કનિષ્કને લોન આપી છે તેમાં એસબીઆઈ સૌથી આગળ છે. ૧૫મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે લખવામાં આવેલા એક પત્રમાં એસબીઆઈએ કનિષ્ક પર રેકોર્ડમાં ફેરફાર કરવા અને રાતોરાત દુકાનો બંધ કરવાનો આક્ષેપ કર્યો છે. મૂળ રકમ ૮૨૪ કરોડ રૂપિયાની છે પરંતુ વ્યાજને જોડી દેવામાં આવે તો બેંકોને ૧૦૦૦ કરોડથી પણ વધુનું નુકસાન થઈ ચુક્યું છે. આની માહિતી સૌથી પહેલા એસબીઆઈએ ૧૧મી નવેમ્બર ૨૦૧૭ના દિવસે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને આપી હતી. જાન્યુઆરી સુધી બીજી બેંકોએ પણ રેગ્યુલેટરને છેતરપિંડી અંગે માહિતી આપી હતી. એસબીઆઈનું કહેવું છે કે, જ્વેલરે સૌથી પહેલા માર્ચ ૨૦૧૭માં વ્યાજ ચુકવણીમાં આઠ સભ્ય બેંકોમાં ડિફોલ્ટ કર્યો હતો. એપ્રિલ ૨૦૧૭ સુધી કનિષ્કે તમામ ૧૪ બેંકોને પેમેન્ટ રોકી દીધું હતું. પાંચમી એપ્રિલ ૨૦૧૭ના દિવસે સ્ટોક ઓડિટની શરૂઆત કરતી વેળા બેંકર્સ પ્રમોટરોનો સંપર્ક કરવામાં અસફળ રહ્યા હતા. ૨૫મી મે ૨૦૧૭ના દિવસે જ્યારે બેંકરોએ કનિષ્કની કોર્પોરેટ ઓફિસનો પ્રવાસ કર્યો ત્યારે ફેક્ટ્રી, શોરુમ બંધ હતા. ત્યાં કોઈ કામકાજ થઈ રહ્યું ન હતું. તે જ દિવસે ભુપેશ જૈને બેંકરોને પત્ર લખીને રેકોર્ડમાં ગેરરીતિ આચરી હોવાની કબૂલાત કરી હતી. મોડેથી જ્યારે બેંકરો બીજા શો રુમ ઉપર પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે, આ તમામ પણ બંધ છે. મદ્રાસ જ્વેલર્સ એન્ડ ડાયમંડ મર્ચન્ટ એસોસિએશનના પ્રતિનિધિનું કહેવું છે કે, કંપની નુકસાનને સહન કરવાની સ્થિતિમાં ન હતી અને મે ૨૦૧૭માં જ બંધ કરી દેવામાં આવી હતી. એસબીઆઈના પત્રથી જાણવા મળ્યું છે કે, કનિષ્ક પર લોન ચુકવણી ૨૦૦૭થી બાકી રહી છે. સમય પસાર થવાની સાથે બેંકોએ કનિષ્ક માટે ક્રેડિટ લિમિટ અને વર્કિંગ કેપિટલ લોનની મર્યાદા વધારી દીધી હતી. એક પછી એક બેંકિંગ કૌભાંડ સપાટી ઉપર આવી રહ્યા છે. પંજાબ નેશનલ બેંક સાથે સંબંધિત ૧૨૦૦૦થી પણ વધુનો કાંડ સપાટી પર આવી ગયા બાદ વધુ કૌભાંડ ખુલતા રહ્યા છે.

# ડો. બાબાસાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૧

ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબા સાહેબ આંબેડકર જન્મજયંતિ મહોત્સવ સમિતિ ગાંધીનગરની તાજેતરમાં બેઠક યોજાઈ હતી. જેમાં સમિતિના હોદેદારો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વર્ષ ૨૦૧૭-૨૦૧૮ના વર્ષ માટે નવીન હોદેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી હતી. જેમાં સર્વ સંમતિથી પ્રમુખ તરીકે ડી.જી.અરસોડા તેમજ મહામંત્રી તરીકે વિઠ્ઠલભાઈ પરમાર અને ભરતસિંહ.આર.ચૌધરીની નિમણુંક કરાઈ છે. તેવી જ રીતે ઉપપ્રમુખ તરીકે કલ્પેશ.જી.ચૌહાણ, એ.ટી.શેઠ, હરગોવન.બી.મકવાણા, ભરતભાઈ.વી.મોડીયા, સહમંત્રી તરીકે રમેશભાઈ વાણીયા, અશ્વિન. એમ.રાઠોડ, રાજેન્દ્ર. એલ. તેજોત, ડો. પ્રતિક ચવેલીકર, કોષાધ્યક્ષ તરીકે નારાયણભાઈ.જે.પરમાર, અને કાનૂની સલાહકાર તરીકે પ્રવિણ.ટી.અમીન તેમજ કારોબારી સભ્યો અને સલાહકારની પણ વરણી કરવામાં આવી છે. સમિતિના સૌ નવા હોદેદારોને સભ્યોએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧